**આંક–૮**

| GJRJ160003632025 | **દાખલ તારીખ : ૨૩/૧૨/૨૦૨૫** |
| --- | --- |
| | **રજીસ્ટર તારીખ : ૨૩/૧૨/૨૦૨૫** |
| | **ફૈસલ તારીખ : ૧૬/૦૪/૨૦૨૬** |
| | **અવધી : ૦વર્ષ ૩માસ ૨૪ દિવસ** |

**શ્રી પી.એ.માલવિયા, ઔદ્યોગિક ન્યાયપંચ, ગુજરાત, રાજકોટ સમક્ષ**

**પરચુરણ અરજી (આઈ.ટી.)નંબર ૦૨/૨૦૨૫**

**<u>પરચુરણ અરજી નંબર</u> : <u>૦૨/૨૦૨૫</u>**

**<u>(ઈન રેફરન્સ (આઈ.ટી.)નં. ૫૦/૨૦૧૬)</u>**

**<u>અરજદાર</u>** **:૧.** તાલુકા વિકાસ અધિકારીશ્રી,
તાલુકા પંચાયત કચેરી,
બારઈ રોડ,
મુ. મુંન્દ્રા–કચ્છ.

**૨.** જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી,
સુરમંદીર સિનેમા સામે,
ભુજ–કચ્છ.

**: <u>વિરૂઘ્ધ</u> :**

**<u>સામાવાળા</u>** **:૧.** પ્રમુખશ્રી,
કચ્છ જિલ્લા મઝદુર વિકાસ મંચ,
'અન્વીન',સી–૯૮, શેરી નંબર–૫,
નરસિંહ મહેતા નગર,
ભુજ–કચ્છ.

**૨.** મંત્રીશ્રી,
મુન્દ્રા ગ્રામ પંચાયત કચેરી, મારફતે
મંત્રીશ્રી,
મુંન્દ્રા ગ્રામ પંચાયત કચેરી,
મુંન્દ્રા–કચ્છ.

**હાજર રહયા : અરજદાર નં.૧ તરફે : વિ.વ.શ્રી એ.વી.માંકડ.**
**સામાવાળા નં.૧ તરફે : વિ.વ.શ્રી યોગેશ એમ.મહેતા.**

**–:: હુકમ ::–**

**(૧)** આ કામના અરજદાર તરફેથી આઈ.ડી.એકટની કલમ ૨૬(એ) મુજબની ફરી ફાઈલ અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા માટે હાલની અરજી ઔદ્યોગીક વિવાદ ધારા હેઠળના નિયમ–૨૬(બી) મુજબની વિલંબ માફ કરવા અંગે કરેલ છે. જે અરજીની ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

આ કામમાં અરજદાર તરફેથી એવું કથન કરેલ છે કે અત્રેની ટ્રિબ્યુનલે રેફરન્સ આઈ.ટી. કેસ નં. ૫૦/૧૬ના કામે તા. ૨૦/૦૮/૧૯ના રોજ એવોર્ડ પસાર થયેલ. નિર્વિવાદીત રીતે સંબંધિત કામદારો તે મુન્દ્રા ગ્રામ પંચાયતના કર્મચારી હતા અને તેથી તે એવોર્ડનું પાલન કરવાનું અથવા તો નામ. હાઈકોર્ટ સમક્ષ પડકારવાની જવાબદારી મુન્દ્રા ગ્રામ પંચાયતની હતી. વધુમાં જણાવેલ છે કે રાજય સરકાર દવારા મુન્દ્રા ગ્રામ પંચાયતને મુન્દ્રા, બરાઈ મ્યુનીસીપાલીટીમાં તબદીલ કરવામાં આવે તે સંજોગોમાં મુન્દ્રા, બરાઈ મ્યુનીસીપાલીટીએ સંબંધિત કામદારોને સમાવી લેવા

પડે આ સંદર્ભે અરજદાર દવારા મુન્દ્રા, બરાઈ મ્યુનીસીપાલીટીને અમુક યાદીઓ પાઠવેલી અને ઘણી બધી મીટીગો કરવામાં આવેલી પરંતુ મુન્દ્રા, બરાઈ મ્યુનીસીપાલીટી દવારા આજ દિન સુધી કોઈ પગલા લેવામાં આવેલ નથી જેથી અરજદાર દવારા સદર રેફરન્સ કેસના કામે પસાર થયેલ એકતરફી અવોર્ડને રદ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે અને તે સંદર્ભે દાખલ કરવાની થતી અરજીમાં ૨૩૯૦ દિવસનો વિલંબ થયેલ હોય તેથી ન્યાયના હિતમાં વિલંબ માફ કરવા અરજ કરેલ છે.

**(૨)** આ કામમાં સામાવાળા નં.૧ને નોટીસ બજી જતા તેઓ તેમના વકીલ મારફતે હાજર થયેલ છે અને અરજીની હકીકતોનો ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે મુળ કામમાં મદદનીશ મજુર કમિશનર સમક્ષ જયારે ડિમાન્ડ દાખલ કરેલ અને ત્યાર બાદ ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ વિવાદ રીફર થયેલ ત્યારે તેઓએ  માંગણા નિવેદન રજુ કરતા પહેલા તેની નકલ મુળ કામના સામાવાળાઓએ બજવણી કરેલ હતી તેમ છતાં તેઓએ કોઈ દરકાર લીધેલ નથી અને ત્યાર બાદ રેફરન્સ કેસમાં હુકમ થયેલ તેનું પાલન કરવાના પત્રો તા. ૦૯/૧૧/૧૯ના રોજ મુળ કામના સામા નં . ૨ અને ૩ને મોકલવામાં આવેલ અને તે સંદર્ભે કાર્યવાહી ન કરતા એવોર્ડ ભંગની ફરીયાદ કરેલ અને તે સંદર્ભે સરકારી મજુર અધિકારીએ હુકમ પાલન સંબંધે તા. ૧૨/૧૦/૨૦૨૦થી તા. ૧૭/૧૧ /૨૦૨૫ સુધી મુળ કામના સામા નં. ૨ અને ૩ સાથે પત્રવ્યવહારો કરેલ. સામાવાળા નં. ૧એ તેઓ દવારા મુળ કામના સામા નં .૩ને લખેલ પત્રો આ કામમાં દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ હોવાનું કથન કરેલ છે અને મુળ સામાવાળાએ જાણી જોઈ સમજી વિચારી ઈરાદાપૂર્વક બદઈરાદાથી કામદારોને ન્યાયથી વંચીત રાખવા

માટે હાલની વિલંબ અરજી કરેલ હોવાનું કથન કરેલ છે. જેથી હાલની અરજી ૬ વર્ષ જેટલા સમય પછી કોઈ પણ કારણ વગર કરેલ હોય તેથી અરજી ખત સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામમાં અરજદાર નં.૧ તરફેથી વિદવાન વકીલ શ્રી એ.વી. માંકડે મૌખીક દલીલ કરેલ છે અને જણાવેલ છે કે સંબીધત કામદારો ગ્રામ પંચાયતના કર્મચારી હતા તેઓએ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સામે નોકરીમાં કાયમી કરવા માટે રેફરન્સ કેસ ઉપસ્થિત કરેલ. તે કેસમાં કોઈ પણ સામાવાળા હાજર રહેલ નહી તેથી એકતરફી એવોર્ડ થયેલ. તે એવોર્ડ થયા બાદ ગ્રામ પંચાયત તબદીલ થઈ મ્યુનીસીપાલીટી બનેલ અને તેથી મ્યુનીસીપાલીટીએ સંબંધિત કામદારોને સમાવી લેવા જોઈએ. તે મુજબ સમાવવામાં અવે છે અને કામદારો નિવૃત થયેલ છે. ગ્રેચ્યુઈટીના કેસ થયેલા જેમાં મ્યુનીસીપાલીટી અને તાલુકા પંચાયત સામે જવાબદારી ઠરાવેલ. એવોર્ડની અમલવારી માટે પંચાયત અને મ્યુનીસીપાલીટી વચ્ચે પત્રવ્યવહાર થયેલ પરંતુ આજ દિન સુધી કોઈ પગલા લીધેલ નથી. આમ જયારે એવોર્ડ ભંગની ફરીયાદ દાખલ થયેલ ત્યારે એવોર્ડની અમલવારી કરવાની જવાબદારી મ્યુનીસીપાલીટીની છે તેથી એક તરફી હુકમ રદ કરવા અરજી કરેલ છે. તાલુકા પંચાયત એવોર્ડ સ્વીકારી શકે નહી અને તેથી ટેકનીકલ ગુંચના કારણે એકતરફી અવોર્ડ રદ કરવા અરજ કરેલ છે. અને જે વિલંબ થયેલ છે તે મ્યુનીસીપાલીટીના કારણે થયેલ છે. વધુમાં જણાવેલ છે કે વિલંબ માફ કરવામાં આવશે તો કામદાર અને પંચાયતના હિતમાં સત્ય હકીકત બહાર આવશે અને મ્યુનીસીપાલીટી ટેકનીકલ કારણસર ગેરલાભ

લ્યે છે પરંતુ ખરેખર એવોર્ડ તેઓની સામે જે છે તેમ જણાવી અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

આ કામમાં સામા નં.૧ યુનિયન તરફેથી  તેમના લેખીત જવાબ અને રજુ થયેલ દસ્તાવેજ આધીન દલીલ કરેલ છે અને જણાવેલ છે કે મુળ સામાવાળાઓને રેફરન્સ કેસ બાબતે પ્રથમથી માહીતી હોવા છતા હાજર નહી રહેતા એકતરફી એવોર્ડ પસાર થયેલ તે અનુસંધાને એવોર્ડ ભંગની ફરીયાદ સને ૨૦૨૦માં કરવામાં આવેલ ત્યારથી જ મુળ સામાવાળાઓને તે બાબતે સમગ્ર હકીકતથી વાકેફ હોવા છતા આજ દિન સુધી એવોર્ડની અમલવારી માટે કોઈ પગલા લીધેલ નથી અને ત્યાર બાદ ગ્રેચ્યુઈટી સંદર્ભેની કાર્યવાહી કરેલ તેમાં સામાવાળાઓ વિરુધ્ધ હુકમ થયેલ હોવા છતા તેનો અમલ ન કરી લગભગ ૬ વર્ષના સમય બાદ કોઈ પણ કારણ વગર વિલંબ માફ કરવાની અરજી ગેરકાયદેસર રીતે કરેલ હોય તેથી રદ કરવાની દલીલ કરેલ છે.

**(૪)** ઉપરોકત વિગતે હાલના કેસની હકીકત ધ્યાને લેતાં હાલની અરજીમાં નીચે મુજબના મુદ્દાઓ ન્યાય નિર્ણય અર્થે ઉત્પન્ન થાય છે.

**(૧)** શું અરજદાર તાલુકા પંચાયત મુન્દ્રાની હાલની વિલંબ માફ કરવાની અરજીમાં માંગેલ દાદ મંજુર થવાપાત્ર છે?

**(૨)** શું હુકમ?

**(૫)** ઉપરોકત મુદ્દાના જવાબ નીચે મુજબ આપવામાં આવેલ છે.

**(૧)** નકારમાં.

**(૨)** આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**(૬) મુદ્દા નં.(૧):–**

આ કામમાં અરજદારની હાલની આંક–૧ ની અરજી જોવામાં આવે તો, તેઓએ રેફરન્સ (આઈ.ટી.) કેસ નં. ૫૦/૨૦૧૬ના કામમાં પસાર કરવામાં આવેલ તા.૨૦–૦૮–૨૦૧૯ ના એકતરફી એવોર્ડની સામે કરવાની થતી રીસ્ટોરેશન અરજી દાખલ કરવામાં વિલંબ થયેલ હોય તે વિલંબ માફ કરવા માટે કરેલ છે. અરજદારની આંક–૧ની અરજીની હકીકત જોવામાં આવે તો, તેઓએ અરજી કરવામાં ૨૩૯૦ દિવસનો વિલંબ થયેલ હોવાનું કથન કરેલ છે. વધુમાં જણાવેલ છે કે મુળ એવોર્ડ મુન્દ્રા ગ્રામ પંચાયત સામે થયેલ હતો અને ત્યાર બાદ તે ગ્રામ પંચાયત મુન્દ્રા, બરાઈ મ્યુનીસીપાલીટી તરીકે તબદીલ થયેલી જેની સાથે પત્રવ્યવહાર અને મીટીગ કરવા છતા તેઓ દવારા એવોર્ડનું પાલન કરેલ ન હોય અને તાલુકા પંચાયત તે એવોર્ડનું પાલન કરવા માટે ટેકનીકલી સક્ષમ ન હોય તેથી આ કારણસર એકતરફી એવોર્ડ રદ કરવા માટેની રીસ્ટોરેશન અરજી દાખલ કરવાની થાય છે અને તે જ કારણસર વિલંબ થયેલ હોય તે વિલંબ માફ કરવાનું કથન કરેલ છે.

(૭) આ સંદર્ભે ઔદ્યોગિક વિવાદ ધારા અન્વયેના ગુજરાત રૂલ્સના નિયમ ૨૬(એ) ની જોગવાઈ અત્રે નોંધવી અને ઘ્યાને લેવી જરૂરી છે,જે નીચે મુજબ છે.

**૨૬–એ. એકતરફી હુકમો, એવોર્ડ અને રિપોર્ટો રદ કરવા બાબતઃ–**

**(૧)** એકતરફી હુકમ, એવોર્ડ અથવા રિપોર્ટની જાણ થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર, સંબંધિત પક્ષકાર અરજી કરે એટલે, બોર્ડ, કોર્ટ, મજુર કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા લવાદ સામા પક્ષકારને નોટિસ

આપ્યા પછી, પુરતા કારણસર, યથાપ્રસંગ, આવા હુકમ, એવોર્ડ અથવા રિપોર્ટ રદ કરી શકશે.

**(૨)** બોર્ડ, કોર્ટ, મજુર કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા લવાદ, **પુરતું કારણ દર્શાવવામાં આવ્યેથી, પેટા–નિયમ (૧) માં ઉલ્લેખેલી મુદત લંબાવી શકશે.**

**(૩)** પેટા–નિયમ (૧) હેઠળની અરજી સાથે સોગંદનામું હોવું જોઈએ.

આમ, ઉપરોકત જોગવાઈ જોવામાં આવે તો એકતરફી હુકમ, એવોર્ડ અથવા રિપોર્ટની જાણ થયેથી ૩૦ દિવસની અંદર સંબંધીત પક્ષકાર અરજી કરી અને પુરતા કારણ દર્શાવે તો, તેવો એકતરફી હુકમ, એવોર્ડ અથવા રિપોર્ટ સંબંધિત ફોરમ રદ કરી શકશે. વધુમાં પેટા–નિયમ (૨) ની જોગવાઈ જોવામાં આવે તો જો સંબંધિત પક્ષકાર પુરતું કારણ દર્શાવે તો પેટા–નિયમ (૧) માં ઉલ્લેખેલી ૩૦ દિવસની મુદત લંબાવી શકશે. બીજી રીતે કહેવામાં આવે તો જો સંબંધિત પક્ષકાર એકતરફી હુકમ રદ કરવા માટેની કાર્યવાહી દિન–૩૦ માં નહીં કરવા માટે પુરતું કારણ એટલે કે sufficient cause હોવાનું કથન કરે અને તે કથન કોર્ટ સમક્ષ પુરવાર કરે તો ૩૦ દિવસ ઉપરાંતનો જે વિલંબ થયેલ છે તે સં બંધિત કોર્ટ માફ કરી શકે છે. આમ જોવામાં આવે તો પેટા–નિયમ (૨) માં કોર્ટને જે સત્તા આપવામાં આવેલ છે તે એક પ્રકારે મુનસફી પ્રકારની એટલે કે ડીસ્ક્રીશનરી સત્તા છે. ત્યારે કાયદા અન્વયે કોર્ટને પ્રાપ્ત થતી ડીસ્ક્રીશનરી સત્તાનો ઉપયોગ ન્યાયીક રીતે કરવાનો થાય છે.

વધુમાં પુરતું કારણ એટલે કે sufficient cause અંગે સદરહુ નિયમમાં કે અન્ય કોઈ કાયદામાં અને ખાસ કરીને મુદત મર્યાદાના કાયદામાં કોઈ પરીભાષા કે વ્યાખ્યા કરવામાં આવેલ નથી. વધુમાં **નામદાર સુપ્રીમ કોર્ટ** ધ્વારા **ન્યુ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપની લી. વિરુધ્ધ શાં**

**તિ મિશ્રા, એ.આઈ.આર.–૧૯૭૬ –એસસી–૨૩૭** નો ચુકાદો જોવામાં આવે તો તેમાં એવું ઠરાવેલ છે કે, પુરતા કારણ અંગે કોઈ નિશ્ચિત પ્રકારનો નિયમ બનાવી શકાય નહી. વધુમાં લીમીટેશન એકટની કલમ ૫ માં જે ડીસ્ક્રીશન આપવામાં આવેલ છે, તેને એટલી હદે નકકરપણે

વ્યાખ્યીત કરી શકાય નહીં કે, તેમ કરવાથી જે બાબતમા મુનસફી મળેલ હોય તે કાયદાના એક કઠોર નિયમ સમાન બની જાય. વધુમાં **નામદાર સુપ્રીમ કોર્ટે શકુંતલાદેવી જૈન વિરુઘ્ધ કુંતલકુમારી, એ.આઈ.આર.–૧૯૬૯–એસસી –૫૭૫** ના ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, જયારે કોઈ પક્ષકાર ખોટી હકીકત લઈને આવેલ હોય અથવા કાર્યવાહી નહી કરવા માટે જાતે જ બેદરકાર રહેલ હોય તો, તે સિવાયના કિસ્સામાં પુરતા કારણ પર્યાયને ઉદારતાપૂર્વક જોવાનું રહે છે અને તેમ કરીને સબસ્ટેન્શીયલ જસ્ટીસ કરવો જોઈએ. વધુમાં **નામદાર સુપ્રીમ કોર્ટ** સમક્ષના **સ્ટેટ (એન.સી.ટી.સી.ઓફ દિલ્હી) વિરુઘ્ધ અહેમદ, એસ.એલ.પી.(ક્રિમીનલ) નં.૧૩૧/૨૦૦૬** ના કામે **તા.૧ ૨–૮–૨૦૦૮** ના રોજ આપવામાં આવેલ ચુકાદો જોવામાં આવે તો તેમાં એવું ઠરાવેલ છે કે, વિલંબની લંબાઈ એટલે કે કેટલા દિવસનો વિલંબ છે? તે બાબત મહત્વની નથી, પરંતુ તે વિલંબ માફ કરવા માટે પુરતા કારણ છે કે કેમ? તે મહત્વની બાબત છે. આમ જો લાંબા સમયનો વિલંબ હોય અને પક્ષકાર તે વિલંબ થવા માટેના પુરતા કારણ હોવાનું કોર્ટને સંતોષ કરાવે તો લાંબા ગાળાનો વિલંબ પણ માફ કરી શકાય. તેવી જ રીતે જો વિલંબ ટુંકા ગાળાનો હોય, તેમ છતાં જો પક્ષકાર તેના માટે પુરતા કારણ હોવાનો કોર્ટને સંતોષ કરાવી શકે નહીં તો, તે વિલંબ ટુંકા સમયગાળાનો હોવા છતાં પણ માફ કરી શકાય નહી.

વધુમાં આ બાબતે ચર્ચા કરવામાં આવે તો સમયમર્યાદાના કાયદામાં અથવા તો અન્ય કાયદામાં જયાં કોઈપણ કેસ અથવા કાર્યવાહી

કરવા માટે સમયમર્યાદા નિશ્ચિત કરેલ હોય તો તેનો હેતુ બિનજરૂરી વિલંબ અટકાવવા માટેનો હોય છે. વધુમાં કાયદો જાગૃત વ્યકિતને મદદ કરે અને જે વ્યકિત પોતાના હકક માટે સુષુપ્ત અથવા નિદ્રાધીન રહેલ હોય તો તેને કાયદો મદદ કરે નહી. જે વ્યકિત પોતાના અધિકાર માટે બેદરકાર કે લાપરવાહ હોય તેને પણ કાયદો મદદ કરે નહીં. વધુમાં "પુરતું કારણ" શબ્દને કોઈપણ કાયદામાં સ્પષ્ટ રીતે વ્યાખ્યીત કરેલ નથી અને તે શબ્દ અર્થઘટન કરતી વખતે જે તે કેસની હકીકત ધ્યાને લેવાની રહે છે. આમ દરેક કેસમાં હકીકતો આધારે "પુરતા કારણ" શબ્દનું અર્થઘટન બદલાતું રહે છે. વધુમાં "પુરતા કારણ" માં વ્યાજબી અને સ્વીકારી શકાય તેવો ખુલાસો પક્ષકારે કરવો જરૂરી બને છે અને માત્ર સામાન્ય પ્રકારનો ખુલાસો વિલંબ માફ કરવા માટે પુરતો ગણી શકાય નહીં.

ઉપરોકત કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી હાલના કેસની ચર્ચા કરવામાં આવે તો હાલની અરજીમાં અરજદાર તાલુકા પંચાયતએ જે રેફરન્સ કેસના એવોર્ડને રદ કરવા માટે રીસ્ટોરેશન અરજી દાખલ કરવા સંદર્ભે વિલંબ થયેલ છે, તે એવોર્ડ તા.૨૦–૦૮–૨૦૧૯ ના રોજ પસાર કરવામાં આવેલ હતો. વધુમાં એક એવોર્ડ પસાર થયા બાદ મુળ અરજદાર યુનિયને તેની અમલવારી માટે મુળ સામાવાળાઓને તા. ૦૯/૧૧/૧૯ના રોજ પત્ર લખેલ છે ત્યાર બાદ તેનો અમલ નહી થતા તા. ૨૮/૦૯/૨૦૨૦ના રોજ એવોર્ડ ભંગની ફરીયાદ દાખલ કરેલ છે જે સંદર્ભે સરકારી શ્રમ અધિકારી દવારા ત્રણેય મુળ સામાવાળાઓને તા. ૧૨/૧૦/૨૦૨૦ના રોજ નોટીસ ઇસ્યુ કરેલ છે. જે અંગે તાલુકા પંચાયત કચેરી દવારા તા. ૦૯/૧૨/૨૦ના રોજ સરકારી શ્રમ અધિકારીને જવાબ રજુ કરેલ છે ત્યાર બાદ પણ સરકારી શ્રમ અધિકારી દવારા તાલુકા પંચાયત કચેરી અને જિલ્લા પંચાયત

કચેરીને એવોર્ડના અમલ માટે કાર્યવાહી કરવા મટે વખતોવખત જણાવેલ છે. વધુમાં સંબંધિત કામદારો દવારા નિવૃત થતા સને ૨૦૨૧માં ગ્રુચ્યુઈટી સંદર્ભેની કાર્યવાહી કરેલી જેમાં તાલુકા પંચાયત અને મુન્દ્રા ગ્રામ પંચાયત સામે હુકમો થયેલ છે અને તે સંદર્ભે તાલુકા પંચાયત અને મુન્દ્રા,બારોઈ નગરપાલીકા વચ્ચે પત્રવ્યવહારો પણ થયેલ છે. વધુમાં જિલ્લા પંચાયત દવારા પણ રેફરન્સ કેસ એવોર્ડના પાલન અને ગ્રેચ્યુઈટી કંટ્રોલીંગ ઓથોરીટીના આદેશના પાલન બાબતે પ્રાદેશીક કમિશનરશ્રીને સને ૨૦૨૩માં પત્ર લખેલ છે. આમ છતાં સરકારી કચેરીઓ દવારા પોતપોતાની જવાબદારીમાંથી છટકવા માટે એકબીજાને ખો આપતા હોય તે રીતે રમત રમેલ છે અને તે રીતે ૬ વર્ષના ઉપરાંતના સમય સુધી રેફરન્સ કેસમાં એવોર્ડ થયેલ છે અને તે એવોર્ડ ભંગની ફરીયાદ પણ કરવામાં આવેલ છે તેવી હકીકતો સ્પષ્ટપણે જાણતા હોવા છતા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી અને જયારે પાણી માથા ઉપર જતુ લાગેલ ત્યારે નિરર્થક પ્રયત્નના ભાગરૂપે ૬ વર્ષ પહેલા પસાર થયેલ એકતરફી એવોર્ડ અંગે પ્રથમથી જ માહીતી હોવા છતાં કામદારોને ફરીથી એકડો ઘુંટાવા માટે હાલની વિલંબ માફ કરવાની અરજી કરવામાં આવે છે તેવું રેકર્ડ ઉપર સ્વયં સ્પષ્ટ છે. તે સંજોગોમાં જે વિલંબ છે તે લાંબા સમયગાળાનો છે તે થવા માટે મુળ કામના સામાવાળાઓ જાતે જે જવાબદાર છે. તે સંજોગોમાં તે માફ કરવા માટેના કોઈ જ કારણ રેકોર્ડ ઉપર હોવાનું જણાતું નથી જેથી અરજદાર તાલુકા પંચાયતનું કથન કોઈ પણ રીતે માની શકાય કે સ્વીકારી શકાય તેવું નથી. તે સંજોગોમાં અરજદાર તાલુકા પંચાયતે હાલની વિલંબ માફ કરવાની અરજીમાં થયેલ વિલંબ માફ કરવા માટેની અને રીસ્ટોરેશન અરજી દાખલ લેવા માટેની જે દાદ માંગેલ છે, તે મંજુર થઈ શકે તેવી ન હોઈ, જેથી મુદ્દા નં.(૧) નો જવાબ **નકાર**માં આપવામાં

આવે છે અને મુદ્દા નં.(૨) સંદર્ભે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુ ક મ</u> ::–**

(૧) અરજદાર સંસ્થાની હાલની વિલંબ માફ કરવાની અરજી આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૨૬ના રોજ વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**સ્થળ : રાજકોટ**
**તારીખ : ૧૬/૦૪/૨૦૨૬**

**(પી.એ.માલવિયા)**
**(કોડ : જીજે ૦૦૮૩૭)**
**સભ્ય**
**ઔદ્યોગિક ન્યાયપંચ**
**રાજકોટ**